Prabhat

EDII

October 29, 2024
Pg. 7

# EDII દ્વારા કારીગરોના સશક્તીકરણ માટે પરંપરાગત હસ્તકલાને પુનર્જીવન: હસ્તકલા ફેશન શો તેનો બોલતો પુરાવો

ગુજરાત સરકારનાં કુટીર અને ગ્રામીણ ઉદ્યોગ કમિશનરેટ દ્વારા નૉલેજ પાર્ટનર તરીકે આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇન્ડિયા (ઈડીઆઈ)ના સહયોગથી અમદાવાદ શોપિંગ ફેસ્ટિવલ '૨૪ના ભાગરૂપે હાથ ધરાયેલી પહેલમાં તા. ૨૯ ઑક્ટોબર, ૨૦૨૪ના રોજ હસ્તકલા સેતુયોજનાના નેજા હેઠળ એક અદ્દભુત ફેશન-શો તેમજ હસ્તકલા પ્રદર્શનનું સફળ આયોજન કરાયું હતું. અમદાવાદના રિવરફ્રન્ટ ખાતેના ઇવેન્ટ સેન્ટરમાં યોજાયેલા આ કાર્યક્રમમાં વર્તમાન (સમકાલીન) ફેશનના સર્જનાત્મક લેન્સ દ્વારા પરંપરાગત ભારતીય હસ્તકલાની સમૃદ્ધ ટેપેસ્ટ્રીનું પ્રદર્શન યોજાયું હતું.



આ મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ, હસ્તકલા સેતુ યોજના, હૅન્ડલૂમ તથા હૅન્ડીક્રાફ્ટ ક્ષેત્રમાં નવેસરથી પ્રાણ પૂરીને તેને પુનર્જીવિત કરવાનો હેતુ ધરાવે છે. આ પહેલ સાંસ્કૃતિક ઓળખને ટકાવી રાખવા અને કારીગરોની આજીવિકાને ટેકો પૂરો પાડવા માટે પરંપરાગત હસ્તકલાની મહત્ત્વની ભૂમિકાને રેખાંકિત કરે છે. ગુજરાતના તમામ ૩૩ જિલ્લાઓને આવરી લેતા પ્રોજેક્ટમાં ૩૫૦૦૦થી વધારે કારીગરોને સાંકળી લેવાયા છે, જે પૈકીના ૨૪૦૦૪ કારીગરોને અદ્યતન કૌશલ્ય-તાલીમ તેમજ માર્કેટિંગ સહયોગ પ્રાપ્ત થયો છે.

હસ્તકલા ફેશન-શો તાલીમપ્રાપ્ત કારીગરોની પ્રતિભાને ચિન્હિત કરવા તેમજ જાણીતા ફેશન-ડિઝાઇનરો દ્વારા તૈયાર કરાયેલાં વસ્ત્રોના અનોખા સંગ્રહને જાહેરમાં દર્શાવવા માટે તા. ૨૬મી ઑક્ટોબર, ૨૦૨૪ના રોજ 'વન ડિસ્ટ્રિક્ટ, વન પ્રોડક્ટ' તેમજ જીઆઈ ક્રાફ્ટ્સને પ્રોત્સાહન આપવાનું આયોજન હાથ ધરાયું હતું. વિશિષ્ટ બાબત એ છે કે, તાલીમપ્રાપ્ત કારીગરોએ બનાવેલા ફેબ્રિકનો ઉપયોગ કરીને ફેશન ડિઝાઇનરોએ કપડાં બનાવ્યાં હતાં.

આ કાર્યક્રમ તા. ૨૮મી ઑક્ટોબર, ૨૦૨૪ સુધી જારી રહેશે, જેમાં વિવિધ રાજ્યોના ૧૯ ભૌગોલિક સંકેત (જીઆઈ) હસ્તકલા તેમજ ગુજરાતની ૨૫ અગ્રણી હસ્તકલાનું પ્રદર્શન કરતા વિવિધ ૫૦ સ્ટૉલનું પ્રદર્શન થશે.

એટલું જ નહીં, આ કાર્યક્રમમાં સમગ્ર ગુજરાતભરમાંથી હસ્તકલાની વિવિધતાને પોંખવામાં આવી છે અને વન ડિસ્ટ્રિક્ટ, વન પ્રોડક્ટ નામની પહેલના મહત્ત્વ પર પ્રકાશ પાડવામાં આવ્યો છે. આ પહેલમાં કારીગરોને વિવિધ પ્રોડક્ટના પ્રદર્શન તેમજ તેમાં નવીનતા લાવવાનું પ્રોત્સાહન તેમજ પરંપરાગત હસ્તકલાને પ્રોત્સાહન આપીને જાળવવામાં આવેલ છે. પ્રદર્શિત હસ્તકલાની વિશાળ શ્રેણીમાં પટોળા, સુફ, ટાંગલિયા, અજરખ, બાંધેજ, બખિયું ભરતકામ, એપ્લિક, બીડવર્ક તેમજ અગેટ (છપ્પકી) દર્શાવવામાં આવ્યાં હતાં. આ સંગ્રહ પરંપરાગત કલાત્મકતા તેમજ આધુનિક ફેશનના સુભગ સમન્વય સમાન બની રહ્યો છે.